e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 337
Aug 08, 2013

## પી.એફ.એ. એકટ હેઠળ  નામદાર સુરત મ્યુનિસિપલ કોર્ટે આપેલ ચુકાદો

ફુડ વિભાગનાં ફુડ ઈન્સપેકટર / ફુડ સેફટી ઓફિસર શ્રી જે.એ.સાલુંકે અને શ્રી ડી.ડી.ઠાકોરે તા.૩૦/૦૮/૨૦૦૩ ના રોજ ઠે.૨૭ ઈ, નોંધ નં.૨૬૪ પૈકી પ્લોટ નં.–૯, રામનગર, ઉધના, સુરતનાં સ્થળે આવેલ ધનરાજ બોટલીંગ(હી–મેન)' નામની સંસ્થામાંથી સંસ્થાનાં માલિક શ્રી ઈશ્વરભાઈ હીરાલાલ પખાલે પાસેથી પી.એફ.એ. એકટ હેઠળ, 'ધનરાજ હી–મેન સોફટ ડ્રીંક સ્વીટન્ડ કાર્બોનેટેડ બેવરેજ' નાં નમુનાઓ લઈ....

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે

ટી.પી.સ્કીમ નં.૩૭ (અલથાણ–સાઉથ), ફા. પ્લોટ નં.૩, આનંદપાર્ક સોસાયટીના સબ પ્લોટ નં.૫૯ માં દુકાનો બનાવવાના ઈરાદે કરવામાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરનું આર.સી.સી. ચણતર, પ્લાસ્ટર, શટર સહિતનું ૫ દુકાનોનું આશરે ૧૧૫૦ ચો.ફૂટ વિસ્તારમાં કોર્મશીયલ બાંધકામ અત્રેથી દુર કરવામાં આવેલ છ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૧/૦૮/૨૦૧૩ ના રોજ બે (૦૨) સ્થળો એ  ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

આજ રોજ તા.૦૧/૦૮/૨૦૧૩ સુરત મહાનગરપાલિકા ઉધના ઝોન ધ્વારા ઉધના નવસારી મેઈન રોડ  ઉપર આવેલ સીટી ઈન્ડ. સોસાયટીના પ્લોટ નં. N-9, N-10, N-9, અને N-12 માં M-1 થી M-6, નંબરના પ્લોટની સામે સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ લે આઉટ પ્લાનમાં હઈફઈ.ઈ તરીકે દર્શાવેલ તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૧/૦૮/૨૦૧૩ ના ગુરુવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ) રે.સ.નં. ૪૮૫, ફા.પ્લોટ નં.૩૮ માં આવેલ બહુચરનગર સોસાયટીમાં સબ પ્લોટ નં.બી/૬૫ માં મિલ્કતદાર ધ્વારા પરવાનગી વગરનું પ્રથમ માળે સ્લેબ ભરવાના ઈરાદાથી કરવામાં આવેલ સ્ટીલ બાંધણી સહિતનું સેન્ટરીંગ/શટરીંગનું આશરે ૯૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં કરેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે કાર્યશાળાનું આયોજન

સુરત શહેરમાં રહેતાં શહેરી ગરીબ / છેવાડાના માનવીઓની સામાજિક સુરક્ષા અર્થે સરકારશ્રી ધ્વારા અમલીકૃત વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી મળી રહી અને મ્યુ. સદસ્યશ્રીઓની જવાબદેહીતાના ભાગરૂપે મળેલ જાણકારીનો પોતાના વોર્ડ/વિસ્તારમાં સઘન પ્રચાર–પ્રસાર ધ્વારા જરૂરતમંદ પાત્ર લાભાર્થીઓને ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનનાં સગરામપુરા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ તોડી પાર્કીંગ વિસ્તાર ખુલ્લો કરી વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે

સેન્ટ્રલ ઝોનનાં સગરામપુરા વિસ્તારમાં આજે તા.૦૧/૦૮/૧૩ના રોજ અનાવીલ શેરી ખાતે આવેલ વોર્ડ નં.ર, નોંધ નં.૪૧૪૪ વાળી મિલકતમાં રજાચીઠ્ઠી મુજબ ગ્રા. ફ્લોર પર પાર્કીંગ સહિતના બાંધકામનાં પ્લાન મંજુર કરવામાં આવેલ હતાં. તેમછતાં મિલ્કતદારશ્રી અમર અશોકકુમાર જરીવાલાએ  ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી.સ્કીમ નંબરઃ૧૬  (કાપોદ્રા) માં આવેલ અક્ષરધામ સોસાયટી તથા મહાત્મા ઈન્ડ. એસ્ટેટ માં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવ્યું તેમજ ટી.પી.૨૦ (નાના વરાછા) માં આવેલ ગંગા–જમના સોસાયટીમાં થયેલ વધારાનાં નળ જોડાણનો કરેલ સર્વે બાબત

સુરત મહાનગરપાલિકાના પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા) ના ફા. પ્લોટ નં.૩૩ માં આવેલ અક્ષરધામ સોસાયટીના પ્લોટ નંબર : એ/૭, એ/૧૭ તથા બી/૧૦, બી/૧૧ અને બી/૧૪ માં માલિકો દ્વારા માર્જીન કવર કરી તેમજ ઉંચાઈ વધારી માળ વધારવાનું તેમજ વાણિજય હેતુસરના આશરે ૧૫૦૦...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા) માં હાઈટેન્શન લાઈનની નીચે શરૂ કરવામાં  આવેલ ચણતરકામ સ્થળ પરથી દુર કરી તથા કબ્જેદાર ડીમોલીશન ચાર્જ વસુલ કરવાની કામગીરી

ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા), ફા. પ્લોટ નં. ૧૪૯ ખોડીયારનગર સોસાયટી ભાઠેના ખાતે પ્લોટ નં.૮૦ ની પૂર્વ બાજુએ સી.ઓ.પી./માર્જીનમાં હાઈટેન્શન લાઈનની નીચે શરૂ કરવામાં  આવેલ આશરે ૧૫.૦ મી. પ્લીન્થ ગ્રાઉન્ડ બીમ તથા ૨૦ ચો.મી. ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપૂરણી સ્પર્ધા

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫ મી ઓગષ્ટ–૨૦૧૩ અને સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૩ ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની રંગપૂરણી હરિફાઈનું આયોજન ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬,૨૪૭ ઈશ્વરપુરા નવાગામ, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૨/૦૮/૨૦૧૩ ના રોજ ખટોદરા વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ પ્રકારનું બાંધકામ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે

આજરોજ તા.૦૨/૦૮/૧૩ ના સુરત મહાનગરપાલિકા ના ઉધના ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા)ના ફા.પ્લોટ નં.૨૦૯ માં આવેલ સબપ્લોટ નં.૩/૪૨ + ૪૩ માં ઈન્ડસ્ટ્રીયલ પ્રકારનું બાંધકામનું ડિમોલીશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સ્લેબનું બાંધકામ કરવા માટે શેન્ટરીંગ / શટરીંગ કામ સ્થળ પરથી દુર કરી ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા)ના ૪૫ મી. ના ટી.પી.સ્કીમ હેઠળના રસ્તા પૈકીના દેવધ રોડ પર ફા. પ્લોટ નં.૧૫૦/૧ માં સ્થિત જે.બી.નગર સોસાયટીમાં હયાત પ્રથમમાળ પર ગેરકાયદેસર રીતે સુરત મહાનગરપાલિકાની પરવાનગી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી.સ્કીમ નંબરઃ ૧૬ (કાપોદ્રા) માં ફા.પ્લોટ નં.૩૩માં આવેલ અક્ષરધામ સોસાયટીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યા બાબત

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા) ના ફા.પ્લોટ નં.૩૩ માં આવેલ અક્ષરધામ સોસાયટીમાં ૧૨–પ્લોટનાં મિલ્કતદારો દ્વારા તેઓનાં માર્જિનવાળા ભાગમાં ગેરકાયદેસર રીતે રહેણાંક વિસ્તારમાં ઔદ્યોગિક હેતુસર બાંધકામ કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૩/૦૮/૨૦૧૩ ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસા. પાસે, કાપોદ્રા, વરાછા, સુરત, ખાતેથી આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૪ માં વન મહોત્સવની ઉજવણી

૬૪ માં વન મહોત્સવની તા.૦૩/૦૮/૨૦૧૩ નાં રોજ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વધુ વૃક્ષો વાવી સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતૃસર ચાલુ ચોમાસા દરમ્યાન છાયાવૃક્ષ / પુષ્પવૃક્ષના રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલે જે અન્વયે તા.૦૩/૦૮/૧૩ ના રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડે. કમિશનરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ ગેરકાયદેસરનું બાંધકામ દુર કરી ડીમોલેશન ચાર્જ વસુલ લેવામાં આવેલ

અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં ઉધના–મગદલ્લા રોડ પાસે મોજે–મજુરા રે.સર્વે નં.૧૬૮ માં આવેલ હરિઓમ ઈન્ડ. સોસાયટીના સબ પ્લોટ નં.૧૧ માં મિલ્કતદારશ્રી મિલનભાઈ દશરથભાઈ બારોટનાએ હયાત ગ્રા. + ૨(બે) માળ પર ત્રીજા માળે પરવાનગી વગરનું આશરે ૧૦૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં જી.આઈ.રૂફીંગ, ચણતર પ્લાસ્ટર સહિતનું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સુરત હદ વિસ્તારમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકારશ્રીની મધ્યાહન ભોજનમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશન વધારામાં અઠવાડિયે એકવાર બાળકોને સુખડી આપવાનું નિર્ધારીત થયેલ છે

સુરત મહાનગરપાલિકા સુરત હદ વિસ્તારમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકારશ્રીની મધ્યાહન ભોજન યોજના અંતર્ગત તાજુ અને પોષ્ટીક ભોજન અક્ષયપાત્ર ફાઉન્ડેશન મારફત આપવામાં આવે છે. તાજેતરમાં ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૦૬/૦૬/૨૦૧૩ ના ઠરાવ અન્વયે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપૂરણી અને વેશભૂષા હરિફાઈ

ભારતીય રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫ મી ઓગષ્ટ–૨૦૧૩ અને સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મ જયંતી ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૩ ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની રંગપૂરણી સ્પર્ધા અને વેશભૂષા હરિફાઈનું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૫/૦૮/૨૦૧૩ નાં સોમવરના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી.સ્કીમ નં.૩ (કતારગામ) ફા. પ્લોટ નં.૩૦૪/પૈકી, સી.સ.નં.૩૭૬૧/૧ વાળી મિલ્કતમાં રેસીડેન્સીયલ એપાર્ટમેન્ટના મંજુર કરવામાં આવેલ પ્લાન વિરુધ્ધ બિલ્ડર ધ્વારા ગ્રા. ફલોર પર પાર્કિંગ વાળી જગ્યાએ દુકાન નંગ–૬(છ) બાંધી દઈ સદરહુ પાર્કિંગ વાળી જગ્યા કવર્ડ કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાનાં સહિયારા સમાધાન માટે મા. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગ રાખવામાં આવેલ

ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાનાં સહિયારા સમાધાન માટે વૃક્ષારોપણ અને તેનું સંવર્ધન અતિમહત્વનું હોય આજ રોજ બીજા તબ્બકાની મીટીંગ તા.૦૫/૦૮/૨૦૧૩ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં મા. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગ રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૫/૦૮/૨૦૧૩ ના રોજ એક (૦૧) સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૧૩ સુરતના મહાનગરપાલિકા ઉધના ઝોન ધ્વારા ટી.પી. ૬ (મજુરા– ખટોદરા) ખટોદરા રીંગ રોડ, ફા. પ્લોટ નં.૩૮૯ પૈકીના વ્હોરા કબ્રસ્તાન નજીકના ઝુંપડા નં.૩૧,૩૨,૩૩, ૩૪ ના કબ્જેદારો ધ્વારા બેઝમેનટ + અપર ફલોર ઉપર ચણતર સુધીનું બાંધકામ કરેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વોર્ડ નં.૧૬ (ત્રિક્મનગર) માં આવેલ "0" દબાણ હેઠળના ઈશ્વરકૃપા મેઈનરોડ પરના લારી ગલ્લાના દબાણો તેમજ ઈશ્વરકૃપા શાક માર્કેટની સફાઈ અભિયાન કામગીરી

વોર્ડ નં.૧૬ (ત્રિકમનગર) માં આવેલ "0" દબાણ હેઠળના ઈશ્વરકૃપા મેઈનરોડ પરના લારી ગલ્લાના દબાણો તેમજ ઈશ્વરકૃપા શાક માર્કેટની સફાઈ અભિયાન રાખવામાં આવેલ, જેમાં કાર્યપાલક ઈજનેર શ્રી આર.વી.ગામીત, ડે. ઈજનેર શ્રી શિહોરા, આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૬/૦૮/૨૦૧૩ ના રોજ એક(૦૧) સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે

આજ રોજ તા.૦૬/૦૮/૨૦૧૩ સુરત મહાનગરપાલિકા ઉધના ઝોન ધ્વારા ટી.પી.–૧ (ઉધના–મજુરા) ફા. પ્લોટ નં.૬૨ માં આવેલ દાગીનાનગર–૧ સોસાયટીના સબપ્લોટ નં.૨૩ માં આવેલ હયાત ગ્રાઉન્ડ + ત્રણ માળની મિલ્કતની ઉપરના ભાગે ચોથા માળનું બાંધકામ ચાલતું હતું. તે અત્રેથી વખતો વખત અટકાવવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૭/૦૮/૨૦૧૩ ના બુધવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત

ટી.પી. સ્કીમ નં.૩ (કતારગામ) ફા. પ્લોટ નં.૪૪૦/એ/, ૪૪૦/બી, પૈકી કુબેરનગર સોસાયટી વિ.–૧ સબ પ્લોટ નં.૭૧/એ, ૭૧/બી, કતારગામ રોડ, વાળી મિલ્કતમાં રેસીડેન્સીયલ ગાળા ટાઈપ મંજુર કરવામાં આવેલ પ્લાન વિરુધ્ધ બિલ્ડરશ્રી મહેન્દ્રભાઈ પટેલ ધ્વારા માર્જીન કવર્ડ કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે આગામી સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજ પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે આગામી સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધ્વજનો ઉદ્‌ભવ અને ઈતિહાસ, ભારતનાં રાષ્ટ્ર ધ્વજની ક્રમાનુસાર વિકાસગાથા, ભારતનાં રાષ્ટ્રિય પ્રતિકનાં ફોટોગ્રાફ્સ, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ટી.પી.સ્કીમ નં.૭(આંજણા),ફા.પ્લોટ નં. ૯૯, સાંઈકૃપા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના સબ પ્લોટ નં. ૧૧ થી ૧૫ માં આશરે ૬૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ ત્રીજા માળનું એંગલ / ચેનલ વાળો શેડ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## પી.એફ.એ. એકટ હેઠળ નામદાર સુરત મ્યુનિસિપલ કોર્ટે આપેલ ચુકાદોઃ–

ફુડ વિભાગનાં ફુડ ઈન્સપેકટર / ફુડ સેફટી ઓફિસર શ્રી જે.એ.સાલુંકે અને શ્રી ડી.ડી.ઠાકોરે તા.૩૦/૦૮/૨૦૦૩ ના રોજ ઠે.૨૭ ઈ, નોંધ નં.૨૬૪ પૈકી પ્લોટ નં.–૯, રામનગર, ઉધના, સુરતનાં સ્થળે આવેલ ધનરાજ બોટલીંગ(હી–મેન)' નામની સંસ્થામાંથી સંસ્થાનાં માલિક શ્રી ઈશ્વરભાઈ હીરાલાલ પખાલે પાસેથી પી.એફ.એ. એકટ હેઠળ, 'ધનરાજ હી–મેન સોફટ ડ્રીંક સ્વીટન્ડ કાર્બોનેટેડ બેવરેજ' નાં નમુનાઓ લઈ પૃથ્થકકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગર પાલિકાને મોકલવામાં આવેલ. તે અંગે પબ્લીક એનાલીસ્ટશ્રી નાં આવેલ રીપોર્ટ મુજબ સદર નમુના મીસ બ્રાન્ડેડ માલમ પડતાં સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડો. આઈ.સી.પટેલ સાહેબની તા.૨૯/૧૨/૨૦૦૩ ની મંજુરીથી નામદાર મ્યુનિ. કોર્ટમાં પી.એફ.એ. કેસ નં.૪૭/૨૦૦૩ તથા ૪૮/૨૦૦૩ તા.૩૦/૧૨/૨૦૦૩ થી જવાબદાર ઈસમ સામે કેસ દાખલ કરવામાં આવેલ.

સદર કેસ નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી એચ.જે.ઠાકર સાહેબે તા.૧૯/૦૭/૨૦૧૩ નાં રોજ આપેલ ચુકાદા મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ :૨૪૮(૨) અન્વયે આ કામનાં આરોપી શ્રી ઈશ્વરભાઈ હીરાલાલ પખાલેને પી.એફ.એ. એકટની સને ૧૯૫૪ની કલમ–૨(૯)(કે) તથા કલમ–૭(૨) અને ૧૬ની સાથે વાંચતા સજા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને બન્ને કેસોમાં છ–છ માસની સાદી કેદની સજા તથા રૂા.૧,૦૦૦–૧,૦૦૦/– નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરેતો વધુ એક–એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ બન્ને કેસની સજા એક સાથે ભોગવવાની તથા દંડ અલગ અલગ ભરવાનો હુકમ કરેલ છે.

TOP

## શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.:–

ટી.પી.સ્કીમ નં.૩૭ (અલથાણ–સાઉથ), ફા. પ્લોટ નં.૩, આનંદપાર્ક સોસાયટીના સબ પ્લોટ નં.૫૯ માં દુકાનો બનાવવાના ઈરાદે કરવામાં આવેલ ગ્રાઉન્ડ ફલોરનું આર.સી.સી. ચણતર, પ્લાસ્ટર, શટર સહિતનું ૫ દુકાનોનું આશરે ૧૧૫૦ ચો.ફૂટ વિસ્તારમાં કોર્મશીયલ બાંધકામ અત્રેથી દુર કરવામાં આવેલ છે તેમજ મિલકતદાર પાસેથી રૂા.૫૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે.

સદરહુ કામગીરી અત્રેના શહેર વિકાસ તેમજ દબાણ ખાતા ધ્વારા ડેપ્યુટી કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ સફળતા પૂર્વક દુર કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૧/૦૮/૨૦૧૩ ના રોજ બે (૦૨) સ્થળો એ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

## વસુલવામાં આવેલ વહીવટી ચાર્જ રૂા.૮૦,૦૦૦/–

(૧) આજ રોજ તા.૦૧/૦૮/૨૦૧૩ સુરત મહાનગરપાલિકા ઉધના ઝોન ધ્વારા ઉધના નવસારી મેઈન રોડ ઉપર આવેલ સીટી ઈન્ડ. સોસાયટીના પ્લોટ નં. N-9, N-10, N-9, અને N-12 માં M-1 થી M-6, નંબરના પ્લોટની સામે સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ લે આઉટ પ્લાનમાં C.O.P. તરીકે દર્શાવેલ તથા માર્જીનની જગ્યામાં દબાણ કરી સક્ષમ સત્તાએ મંજુર કરેલ પ્લાન વિરૂધ્ધ પ્લીન્થ સુધીનું બાંધકામ કરેલ હતું. અત્રેના શહેરી વિકાસ ખાતાના સુપરવાઈઝરી સ્ટાફ ધ્વારા \C.O.P. અને માર્જીન કવર કરવાના કામને વખતોવખત અટકાવવામાં આવતું હતું. તેમ છતા મિલકતદારો આ બાબતે કોઈ દરકાર લેતા ન હતા. આથી આજરોજ તા.૦૧/૦૮/૨૦૧૩ ના દિવસે સદરહું અનઅધિકૃત બાંધકામ ગ્રાઉન્ડ ફલોર ઉપર આર.સી.સી. ના કોલમ તથા સ્લેબ લેવલ સુધીનું ચણતરનું બાંધકમા કરેલ હતું તે ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૨૪૦૦ ચો. ફુટ જેટલું બાંધકામ ડિમોલીશન કરવામાં આવેલ છે. તથા મિલકતદારો પાસેથી રૂા.૭૫,૦૦૦/– વહીવટી ચાર્જ અને રૂા.૭૫,૦૦૦/ ડીપોઝીટ પેટે જમા લેવામાં આવેલ છે. તથા બાકીનું બાંધકામ સ્વેચ્છાએ તોડી પાડવા લેખિતમાં બાહેંધરી પત્ર મેળવવામાં આવેલ છે.

(૨) વધુમાં ઉધના ઝોન વિસ્તારમાંજ ટી.પી.સ્કીમ નં.૨ (ઉધના) ના ફા. પ્લોટ નં.૬૯ માં ઓમ શ્રી સાંઈ જલારામ સોસાયટી આવેલ છે. આ. ફા. પ્લોટ ટી. સ્કીમ દફતરે મા. કલેકટરશ્રી સાહેબને ફાળવવામાં આવેલ છે. આ ટી.પી.સ્કીમ ગુજરાત સરકારશ્રીએ તાજેતરમાં ફાયનલ ટી.પી.સ્કીમ તરીકે જાહેર કરેલ છે. આ સોસાયટીના કહેવાતા એવા પ્રમુખ અશ્વિન બાબુલાલ પટેલ ધ્વારા તેમના કબજા હેઠળના પ્લોટ નં.૩૦ બી માં આગળના ભાગે અને લાગુ સોસાયટી શ્રી સાંઈ જલારામ ના સહિયારા આંતરિક રસ્તામાં અડચણ ઉભી થાય તે પ્રમાણે અને સરિયામ રસ્તા પરથી વાહન વ્યવહારને અડચણરૂપ થાય તે મુજબ આર.સી.સી. ના કોલમ લઈ ગ્રાઉન્ડ ફલોરનો સ્લેબ ભરવાનો ગેરકાયદેસરનું બાંધકામ શરૂ કરવામાં આવેલ જે માટે લાગુ સોસાયટીના સભ્યોની વારંવારની લેખિત અને મૌખિક ફરિયાદ મળતી હતી. અને મિલકતદારને પણ આવું બાંધકામ અટકાવવા તથા તોડી પાડવા તાકીદ કરવામાં આવતી હતી. પરંતુ મિલકતદાર તરફથી ડિમોલીશન સ્ટાફ સાથે ભાઈગીરી કરી આ બાંધકામનું ડીમોલીશન અટકાવવામાં બળજબરી કરેલ. તેમ છતા ઉધના ઝોનના શહેર વિકાસ તથા દબાણ ખાતાના સ્ટાફે ગ્રાઉન્ડ ફલોરના આર.સી.સી. સ્લેબના આશરે ૨૫૦ ચો.ફુટ જેટલા બાંધકામને તોડી પાડેલ હતું. તથા મિલકતદાર પાસેથી રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ તથા રૂા.૫,૦૦૦/– સીકયોરીટી ડિપોઝીટ પેટે વસુલ લેવામાં આવેલ છે. તથા આ બાંધકામ મિલકતદારે સ્વૈચ્છીક રીતે બાકીનું બાંધકામ દુર કરવા તથા સરકારી અધિકારીઓ કર્મચારીઓ સામે બેહુદુ વર્તન ન કરવા માટે માફીપત્ર/બાંહેધરી પત્ર લખાવી લેવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૧/૦૮/૨૦૧૩ ના ગુરુવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

(૧) ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ) રે.સ.નં. ૪૮૫, ફા.પ્લોટ નં.૩૮ માં આવેલ બહુચરનગર સોસાયટીમાં સબ પ્લોટ નં.બી/૬૫ માં મિલ્કતદાર ધ્વારા પરવાનગી વગરનું પ્રથમ માળે સ્લેબ ભરવાના ઈરાદાથી કરવામાં આવેલ સ્ટીલ બાંધણી સહિતનું સેન્ટરીંગ/શટરીંગનું આશરે ૯૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ તેમજ ગ્રા.ફલોરના આર.સી.સી. સ્લેબનું માર્જીનમાં કરેલ બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૨૦,૦૦૦/– ડીમોલીશન વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

### સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે કાર્યશાળાનું આયોજન :–

સુરત શહેરમાં રહેતાં શહેરી ગરીબ / છેવાડાના માનવીઓની સામાજિક સુરક્ષા અર્થે સરકારશ્રી ધ્વારા અમલીકૃત વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી મળી રહી અને મ્યુ. સદસ્યશ્રીઓની જવાબદેહીતાના ભાગરૂપે મળેલ જાણકારીનો પોતાના વોર્ડ/વિસ્તારમાં સઘન પ્રચાર–પ્રસાર ધ્વારા જરૂરતમંદ પાત્ર લાભાર્થીઓને યોજનાનો લાભ મળી રહે તે હેતુથી તા.૭/૮/'૧૩ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સરદાર હોલ, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનનાં સગરામપુરા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ તોડી પાર્કીંગ વિસ્તાર ખુલ્લો કરી વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છેઃ–

(૧) સેન્ટ્રલ ઝોનનાં સગરામપુરા વિસ્તારમાં આજે તા.૦૧/૦૮/૧૩ના રોજ અનાવીલ શેરી ખાતે આવેલ વોર્ડ નં.૨, નોંધ નં.૪૧૪૪ વાળી મિલકતમાં રજાચીઠ્ઠી મુજબ ગ્રા. ફલોર પર પાર્કીંગ સહિતના બાંધકામનાં પ્લાન મંજુર કરવામાં આવેલ હતાં. તેમછતાં મિલ્કતદારશ્રી અમર અશોકકુમાર જરીવાલાએ મંજુર પ્લાન વિરુધ્ધ ભોંયતળીયે આશરે ૩૫૦ ચો. ફુટ માપ વિસ્તારમાં પાર્કીંગ કવર કરી લેતાં આજ રોજ તે ખુલ્લુ કરાવી દેવામાં આવેલ છે. તે મુજબ સગરામપુરા ઝુંડાશેરી વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૨, નોંધ નં.૧૭૧૦ વાળી મિલ્કતનાં માલિક શ્રી નરેશભાઈ રણજીતભાઈ કડીવાલાએ આશરે ૫૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં પાર્કીંગ કવર કરતાં તે દુર કરી ખુલ્લુ કરી દેવામાં આવેલ છે. આમ કુલ ૮૫૦ ચો. ફુટ પાર્કીંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનનાં ભવાનીવડ વિસ્તારમાં તા.૩૧/૦૭/૧૩ ના રોજ હરીપુરા વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૫, નોંધ નં.૧૨૧૯ વાળી મિલ્કતમાં રજાચીઠ્ઠી નં.સી.ઝેડ/આ/૧૨૩, તા.૨૭/૦૭/૨૦૨ ના રોજ થયેલ પ્લાન વિરુધ્ધ ગ્રા. ફલોર પર આશરે ૨૩૦ ચો. ફુટ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તોડી પાર્કીંગ વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## ટી.પી.સ્કીમ નંબરઃ૧૬ (કાપોદ્રા) માં આવેલ અક્ષરધામ સોસાયટી તથા મહાત્મા ઈન્ડ. એસ્ટેટ માં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવ્યું તેમજ ટી.પી.૨૦ (નાના વરાછા) માં આવેલ ગંગા–જમના સોસાયટીમાં થયેલ વધારાનાં નળ જોડાણનો કરેલ સર્વે બાબતઃ–

સુરત મહાનગરપાલિકાના પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા) ના ફા. પ્લોટ નં.૩૩ માં આવેલ અક્ષરધામ સોસાયટીના પ્લોટ નંબર : એ/૭, એ/૧૭ તથા બી/૧૦, બી/૧૧ અને બી/૧૪ માં માલિકો દ્વારા માર્જીન કવર કરી તેમજ ઉંચાઈ વધારી માળ વધારવાનું તેમજ વાણિજય હેતુસરના આશરે ૧૫૦૦ ચો. ફુટ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ આજ રોજે પૂર્વ (વરાછા) ઝોન કચેરી દ્વારા તોડીને દૂર કરવામાં આવેલ છે. આ સોસાયટીમાં આવેલ ૧૦– ગાળા ગેરકાયદેસર બાંધકામ કરવા બદલ રૂા.૨,૦૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે. તેમજ અન્ય ૧૫–ગાળાનાં માલિકોએ ગેરકાયદેસર બાંધકામ કરેલ છે ત્યાં ડીમોલીશનની કાર્યવાહી ચાલુ છે. ટી.પી.૧૬ (કાપોદ્રા) મહાત્મા ઈન્ડ. એસ્ટેટમાં આવેલ એક કારખાનામાં સાઈડનાં ભાગમાં ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવેલ એના કોલમોનું ડીમોલીશન કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

પૂર્વ (વરાછા) ઝોન ટી.પી.સ્કીમ નં.૨૦ (નાના વરાછા) માં આવેલ ગંગા–જમના સોસાયટીનાં હયાત પાણીનાં નળ જોડાણો હોવા છતાં ગેરકાયદેસર રીતે વધારાનાં નળ જોડાણો મેળવેલ હોવાનું સર્વેમાં ધ્યાને આવતા આ સોસાયટીનાં કુલ ૨૬ ગેરકાયદેસર કનેકશનો પકડી પાડવામાં આવ્યા છે આ રીતે ગેરકાયદેસર કનેકશનો કરવા બદલ માલિકોને રૂા.૧,૩૦,૦૦૦/– નો દંડ ફટકારવામાં આવેલ છે. જે આજ રોજ તા.૦૧/૦૮/૨૦૧૩ ના રોજ મહાનગરપાલિકાની તિજોરીમાં જમા થયેલ છે.

સદર સમગ્ર કામગીરી પૂર્વ (વરાછા) ઝોનનાં ડેપ્યુટી કમિશનરશ્રી (સ્પે.) અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ ડેપ્યુટી ઈજનેરશ્રી, શહેર વિકાસ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

TOP

## ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા) માં હાઈટેન્શન લાઈનની નીચે શરૂ કરવામાં આવેલ ચણતરકામ સ્થળ પરથી દુર કરી તથા કબ્જેદાર ડીમોલીશન ચાર્જ વસુલ કરવાની કામગીરીઃ–

ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા), ફા. પ્લોટ નં. ૧૪૯ ખોડીયારનગર સોસાયટી ભાઠેના ખાતે પ્લોટ નં. ૮૦ ની પૂર્વ બાજુએ સી.ઓ.પી./માર્જીનમાં હાઈટેન્શન લાઈનની નીચે શરૂ કરવામાં આવેલ આશરે ૧૫.૦ મી. પ્લીન્થ ગ્રાઉન્ડ બીમ તથા ૨૦ ચો.મી. ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તથા કબ્જેદાર પાસેથી રૂા.૭૫,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપૂરણી સ્પર્ધાઃ–

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫ મી ઓગષ્ટ–૨૦૧૩ અને સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૩ ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની રંગપૂરણી હરિફાઈનું આયોજન ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬,૨૪૭ ઈશ્વરપુરા નવાગામ, ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. રંગપૂરણી હરિફાઈમાં લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તથા લિંબાયત ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રો પરથી તા.૦૬/૦૮/૨૦૧૩ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા ફોર્મ **૦૬/૦૮/૨૦૧૩ સુધીમાં પરત કરવાના રહેશે.**

**TOP**

## સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૨/૦૮/૨૦૧૩ ના રોજ ખટોદરા વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ પ્રકારનું બાંધકામ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

આજરોજ તા.૦૨/૦૮/૧૩ ના સુરત મહાનગરપાલિકા ના ઉધના ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા)ના ફા.પ્લોટ નં.૨૦૯ માં આવેલ સબપ્લોટ નં.૩/૪૨ + ૪૩ માં ઈન્ડસ્ટ્રીયલ પ્રકારનું બાંધકામનું ડિમોલીશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

સેન્ટર પોઈન્ટથી સોસીયો સર્કલ તરફ જવાના સીવીલ રોડ પર ચંદ્રકલા ડાઈગની ગલીમાં ખટોદરા વિસ્તારમાં ઉપર જણાવેલ વિગતોની મિલકતોના ગ્રાઉન્ડ ફલોર ના બાંધકામ માટે આર.સી.સી.ના બીમ, કોલમ લઈ સ્લેબ ભરવાનું ગેરકાયદેસર બાંધકામ હાથ ધરવામાં આવેલ હતું. જે ઉધના ઝોનના શહેર વિકાસ વિભાગના સ્ટાફની નજરમાં આવતા આજરોજ તેનું ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે. આ બાંધકામ ઈન્ડસ્ટ્રીયલ પ્રકારના બે પ્લોટો ભેગા કરી બનાવેલ હતુ. જે આજરોજ તોડી પાડવામાં આવેલ છે અને અંદાજે ૩૦૦૦ ચો.ફુટ જેટલા આર.સી.સી.ના સ્લેબનું ડિમોલીશન કરવામાં આવેલ છે તથા વધુ ડિમોલીશનની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સ્લેબનું બાંધકામ કરવા માટે શેન્ટરીંગ / શટરીંગ કામ સ્થળ પરથી દુર કરી ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા)ના ૪૫ મી. ના ટી.પી.સ્કીમ હેઠળના રસ્તા પૈકીના દેવધ રોડ પર ફા. પ્લોટ નં.૧૫૦/૧ માં સ્થિત જે.બી.નગર સોસાયટીમાં હયાત પ્રથમમાળ પર ગેરકાયદેસર રીતે સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર બીજા માળના સ્લેબનું બાંધકામ કરવા માટે કરેલું આશરે ૪૦૦ ચો. ફુટ નું શેન્ટરીંગ / શટરીંગ કામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તથા કબ્જેદાર પાસેથી રૂા.૫૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

TOP

## ટી.પી.સ્કીમ નંબરઃ ૧૬ (કાપોદ્રા) માં ફા.પ્લોટ નં.૩૩માં આવેલ અક્ષરધામ સોસાયટીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યા બાબતઃ–

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા) ના ફા.પ્લોટ નં.૩૩ માં આવેલ અક્ષરધામ સોસાયટીમાં ૧૨–પ્લોટનાં મિલ્કતદારો દ્વારા તેઓનાં માર્જિનવાળા ભાગમાં ગેરકાયદેસર રીતે રહેણાંક વિસ્તારમાં ઔધોગિક હેતુસર બાંધકામ કરવામાં આવેલ. જે ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તેમજ રૂા.૨,૪૦,૦૦૦/– ડીમોલીશન તેમજ વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે

સદર સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા)ઝોન નાં ડેપ્યુટી કમિશ્નરશ્રી (સ્પે.) અને કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ ડેપ્યુટી ઈજનેરશ્રી, શહેર વિકાસ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજનઃ–




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૩/૦૮/૨૦૧૩ ના રોજ **કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસા. પાસે, કાપોદ્રા, વરાછા, સુરત,** ખાતેથી આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે. મેયરશ્રી, નેતાશ્રી શાસક પક્ષ, આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી, રૂગ્ણાલય સમિતિ અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી, પાણી સમિતિ અધ્યક્ષશ્રી, ટી.પી.સમિતિ અધ્યક્ષશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, મ્યુનિ. સદસ્યોશ્રી, મેડીકલ ઓફિસર વર્ગ–૧(કું.ક.) વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીઓ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, આસી. જંતુનાશક અધિકારીશ્રી, સ્મીમમેર હોસ્પિટલના વિવિધ રોગના નિષ્ણાંત, કરંજ, હિરાબાગ, પૂણા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, વેકસીનેશન બ્રાંચના મેડીકલ ઓફિસરો, આઈ.સી.ડી.એસ. ના કર્મચારી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયાં હતાં.

આ કેમ્પનાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, શહેરની આસપાસના વિસ્તારના કુલ ૪૩૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જે પૈકી ૪૪ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતાં. જેમાં ફિઝીશ્યન દ્વારા ૧૩૬, સર્જન દ્વારા ૦૭, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૩૫, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૩૨, ચામડીનાં નિષ્ણાંત દ્વારા ૧૨૫, આંખના નિષ્ણાંત દ્વારા ૬૫, મેડીકલ ઓફીસર દ્વારા ૩૩ દર્દીઓને તપાસવામાં આવ્યાં હતાં.

કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનોમાં નિરોધ ૩૫૦, ઓરલ પીલ્સ ૦૪ પેકેટ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા ૮૯ બાળકોને વિવિધ રોગો સામેની રસી આપવામાં આવી હતી. લેબ. ટેકનીશીયન દ્વારા તાવના ૧૩ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતાં. ઓ.આર.એસ. ના ૧૧ પેકેટસ, રોગ અટકાયતી ૧૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના વેકસીનેશન બ્રાંચ, વીબીડીસી, આરએનટીસીપી, ફેમીલી પ્લાનીંગ, પીએસએચ, મા. અમૃતમ, તમાકુ નિયંત્રણ અને આઈસીડીએસ વિભાગ મારફતે રોગ અટકાયત તથા સરકારશ્રીની વિવિધ યોજના બાબતે જરૂરી આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.

**નોંધઃ–** આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૧૦/૦૮/૧૩ ના રોજ અસારાવાલા શહેરી આરોગ્ય કેન્દ્ર, ન.પ્રા.શાળા નં.૧૦૭–૧૦૮, હોડી બંગલા, કતારગામ દરવાજા મેઈન રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૪ માં વન મહોત્સવની ઉજવણીઃ–

૬૪ માં વન મહોત્સવની તા.૦૩/૦૮/૨૦૧૩ નાં રોજ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વધુ વૃક્ષો વાવી સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન છાયાવૃક્ષ / પુષ્પવૃક્ષના રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલે જે અન્વયે તા.૦૩/૦૮/૧૩ ના રોજ જે તે ઝોન વિસ્તારમાં મ્યુ. સભ્યશ્રીઓ / નગરજનો/ શાળા –કોલેજના વિદ્યાર્થીઓ સાથે કુલ ૧૪૦૦ રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.

વધુમાં, ચાલુ ચોમાસા અને ૬૪ માં વનમહોત્સવ દરમ્યાન મહાનગરપાલિકા દ્વારા તેમજ જન લોકભાગીદારીથી તા.૩૧/૦૭/૧૩ સુધીમાં કુલ ૬૭૦૪૪ રોપાઓનું સફળતા પૂર્વક વૃક્ષારોપણ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં કરવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રકારના છાયાવૃક્ષો જેવા કે, ગુલમહોર, કાઈજેલીયા, આસોપાલવ, પેલ્ટોફોરમ, કેસીયો, કોર્ડીયા, પારીજાત, મહોગની, દેશી લીમડો, બોરસલ્લી, કચનાર, પામ ટ્રી વિગેરે જેવા વૃક્ષોનો સમાવેશ થાય છે.

TOP

## ડે. કમિશનરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ ગેરકાયદેસરનું બાંધકામ દુર કરી ડીમોલેશન ચાર્જ વસુલ લેવામાં આવેલઃ–

અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં ઉધના–મગદલ્લા રોડ પાસે મોજે–મજુરા રે.સર્વે નં.૧૬૮ માં આવેલ હરિઓમ ઈન્ડ. સોસાયટીના સબ પ્લોટ નં.૧૧ માં મિલ્કતદારશ્રી મિલનભાઈ દશરથભાઈ બારોટનાએ હયાત ગ્રા. + ૨(બે) માળ પર ત્રીજા માળે પરવાનગી વગરનું આશરે ૧૦૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં જી.આઈ.રૂફીંગ, ચણતર પ્લાસ્ટર સહિતનું ગેરકાયદેસરનું બાંધકામ કરવામાં આવેલ હતું. જે અત્રેથી આજ રોજ દુર કરી મિલ્કતદાર પાસેથી ૫૦૦૦/– ડીમોલેશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

સદરહુ કામગીરી ડે. કમિશનરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ અત્રેના શહેર વિકાસ તેમજ દબાણ સ્ટાફ મારફત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સુરત હદ વિસ્તારમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકારશ્રીની મધ્યાહન ભોજનમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશન વધારામાં અઠવાડિયે એકવાર બાળકોને સુખડી આપવાનું નિર્ધારીત થયેલ છે.

સુરત મહાનગરપાલિકા સુરત હદ વિસ્તારમાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકારશ્રીની મધ્યાહન ભોજન યોજના અંતર્ગત તાજુ અને પોષ્ટીક ભોજન અક્ષયપાત્ર ફાઉન્ડેશન મારફત આપવામાં આવે છે. તાજેતરમાં ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૦૬/૦૬/૨૦૧૩ ના ઠરાવ અન્વયે મધ્યાહન ભોજન યોજના હેઠળ આપવામાં આવતા અનાજ (ઘઉં) નો સુચારૂ વપરાશ થઈ શકે તેમજ શાળામાં બાળકોની હાજરી વધે તે હેતુસર મધ્યાહન ભોજનમાં વધારામાં અઠવાડિયે એકવાર બાળકોને સુખડી આપવાનું નિર્ધારીત થયેલ છે.

સુરત મહાનગરપાલિકાની તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન ઉપરાંત વધારામાં અઠવાડિયે એકવાર સુખડી આપવાનું શરૂ કરવામાં આવેલ છે. હાલમાં અંદાજીત એક લાખથી વધુ બાળકોને રોજીદું મધ્યાહન ભોજન આપવામાં આવે છે તે તમામ બાળકોને નિયમિતપણે મધ્યાહન ભોજન ઉપરાંત અઠવાડિયે એકવાર સુખડી મળી રહે તે માટે તમામ શાળાઓના રૂટ છ દિવસમાં વિભાજીત કરી, વારાફરતી અઠવાડિયે એકવાર સુખડી મળી રહે તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. સુખડી બનાવવા ખાસ પ્રકારનું મશીન પણ લાવવામાં આવેલ છે.

મધ્યાહન ભોજન યોજના વિભાગ સુરત મહાનગરપાલિકાના ઈ.ચા.નાયબ કલેકટર શ્રી આર. જે. કાયસ્થ તરફથી સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓને ખાસ વિનંતી કરવામાં આવે છે કે, આપશ્રીના બાળકોને નિયમિત શાળાએ મોકલવા તથા સરકારશ્રીની મધ્યાહન ભોજન યોજના હેઠળ મળતા ભોજનનો લાભ લેવા માટે આપના બાળકોને પ્રોત્સાહિત કરવા વિનંતી.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપૂરણી અને વેશભૂષા હરિફાઈ

ભારતીય રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫ મી ઓગષ્ટ–૨૦૧૩ અને સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મ જયંતી ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૩ ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની રંગપૂરણી સ્પર્ધા અને વેશભૂષા હરિફાઈનું આયોજન ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬,૨૪૭ ઈશ્વરપુરા નવાગામ, નવાગામ ડીંડોલી વોર્ડ ઓફિસની બાજુમાં, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૫/૦૮/૨૦૧૩ નાં સોમવરના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૩ (કતારગામ) ફા. પ્લોટ નં.૩૦૪/પૈકી, સી.સ.નં.૩૭૬૧/૧ વાળી મિલ્કતમાં રેસીડેન્સીયલ એપાર્ટમેન્ટના મંજુર કરવામાં આવેલ પ્લાન વિરુધ્ધ બિલ્ડર ધ્વારા ગ્રા. ફલોર પર પાર્કિંગ વાળી જગ્યાએ દુકાન નંગ–૬(છ) બાંધી દઈ સદરહુ પાર્કિંગ વાળી જગ્યા કવર્ડ કરવામાં આવેલ. જે દુકાન નંગ–૬(છ) ગેરકાયદેસર બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે.

TOP

## ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાનાં સહિયારા સમાધાન માટે મા. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગ રાખવામાં આવેલઃ–

ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાનાં સહિયારા સમાધાન માટે વૃક્ષારોપણ અને તેનું સંવર્ધન અતિમહત્વનું હોય આજ રોજ બીજા તબ્બકાની મીટીંગ તા.૦૫/૦૮/૨૦૧૩ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં મા. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગ રાખવામાં આવેલ. મીટીંગમાં સામાજિક વનીકરણ વિભાગનાં નાયબ વનસંરક્ષકશ્રી, સરકારી– અર્ધ સરકારી ખાતાના પ્રતિનિધિઓ / જીલ્લા શિક્ષણઅધિકારી, વિવિધ સંસ્થાના પર્યાવરણ પ્રેમીઓ હાજર રહેલ. શહેર હદ વિસ્તાર તેમજ શહેર બહારના વિસ્તારમાં એક જ દિવસે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય તે અંગે ચર્ચા કરવામાં આવી. મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ સદર અભ્યાનમાં પર્યાવરણ પ્રેમીઓ /શ્રેષ્ઠીઓ ના સહયોગથી વૃક્ષ દાન મેળવી સુરત મહાનગરપાલિકાના તેમજ સુડા વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટોમાં /સોસાયટીઓના કોમન પ્લોટો તેમજ સુડા વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટોમાં / સોસાયટીઓના કોમન પ્લોટો તેમજ વિવિધ શાળાઓ, કોલેજો ના વિદ્યાર્થીઓની હાજરીમાં યોજવાનું નકકી કરવામાં આવ્યું. સદર મહા અભિયાન શ્રાવણ માસના છેલ્લા શનિવારે એટલે કે, તા.૩૧/૮/૨૦૧૩ ના રોજ સામુહિક વૃક્ષારોપણ કરવા નકકી કરવામાં આવ્યું. વૃક્ષારોપણ માટે જરૂરી ફોર્મ / માહિતી સુરત મહાનગરપાલિકાના જે તે ઝોન વિસ્તારની વહીવટી કચેરીથી મેળવવાનું રહેશે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૫/૦૮/૨૦૧૩ ના રોજ એક (૦૧) સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

## વસુલવામાં આવેલ વહીવટી ચાર્જ રૂા.૩૫,૦૦૦/–

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૧૩ સુરતના મહાનગરપાલિકા ઉધના ઝોન ધ્વારા ટી.પી. ૬ (મજુરા– ખટોદરા) ખટોદરા રીગ રોડ, ફા. પ્લોટ નં.૩૮૯ પૈકીના વ્હોરા કબ્રસ્તાન નજીકના ઝુંપડા નં.૩૧,૩૨,૩૩, ૩૪ ના કબ્જેદારો ધ્વારા બેઝમેનટ + અપર ફલોર ઉપર ચણતર સુધીનું બાંધકામ કરેલ હતું. અત્રેના શહેરી વિકાસ ખાતાના સુપરવાઈઝરી સ્ટાફ ધ્વારા પ્લાનના કામને વખતોવખત અટકાવવામાં આવતું હતું. તેમ છતા કબ્જેદારો તથા તેમના વતી કામ કરનાર વિનોદ કે. નાયક આ બાબતે કોઈ દરકાર લેતા ન હતા. આથી આજરોજ તા.૦૫/૦૮/૨૦૧૩ ના દિવસે સદરહું અનધિકૃત બાંધકામ ગ્રાઉન્ડ ફલોર ઉપર આર.સી.સી. ના કોલમ તથા સ્લેબ લેવલ સુધીનું ચણતરનું બાંધકામ કરેલ હતું તે ડિમોલીશન હાથ ધરવામાં આવેલ હાથ ધરવામાં આવતા તેઓ ધ્વારા બાકીનું બાંધકામ સ્વેચ્છાએ તોડી પાડવા લેખિતમાં બાંહેધરી પત્ર આપવામાં આવેલ છે. તથા કબ્જેદારો વતી વિનોદ કે. નાયક પાસેથી રૂા.૩૫,૦૦૦/– વહીવટી ચાર્જ અને ૩૫,૦૦૦/– ડીપોઝીટ પેટે જમા લેવામાં આવેલ છે.

TOP

## વોર્ડ નં.૧૬ (ત્રિકમનગર) માં આવેલ "0" દબાણ હેઠળના ઈશ્વરકૃપા મેઈનરોડ પરના લારી ગલ્લાના દબાણો તેમજ ઈશ્વરકૃપા શાક માર્કેટની સફાઈ અભિયાન કામગીરીઃ–

વોર્ડ નં.૧૬ (ત્રિકમનગર) માં આવેલ "0" દબાણ હેઠળના ઈશ્વરકૃપા મેઈનરોડ પરના લારી ગલ્લાના દબાણો તેમજ ઈશ્વરકૃપા શાક માર્કેટની સફાઈ અભિયાન રાખવામાં આવેલ, જેમાં કાર્યપાલક ઈજનેર શ્રી આર.વી.ગામીત, ડે. ઈજનેર શ્રી શિહોરા, આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને બેલદારોનો મોટો સ્ટાફ જોડાયેલ અને સરસ કામગીરી કરવામાં આવેલ આ અભિયાનામાં આ વિસ્તારના સભ્ય શ્રી કાંતિભાઈ ભંડેરી તથા મનમોહકન સોસાયટી, પારસમણી એપાર્ટમેન્ટ તથા ન્યુગોકુલનગર સોસાયટીના પ્રમુખશ્રીઓ પણ હાજર રહેલ.

TOP

## સાઉથ ઝોન (ઉધના) માં તા.૦૬/૦૮/૨૦૧૩ ના રોજ એક(૦૧) સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છેઃ–

આજ રોજ તા.૦૬/૦૮/૨૦૧૩ સુરત મહાનગરપાલિકા ઉધના ઝોન ધ્વારા ટી.પી.–૧ (ઉધના–મજુરા) ફા. પ્લોટ નં.૬૨ માં આવેલ દાગીનાનગર–૧ સોસાયટીના સબપ્લોટ નં.૨૩ માં આવેલ હયાત ગ્રાઉન્ડ + ત્રણ માળની મિલ્કતની ઉપરના ભાગે ચોથા માળનું બાંધકામ ચાલતું હતું. તે અત્રેથી વખતો વખત અટકાવવામાં આવેલ. જે અટકાવેલ બાંધકામ કબ્જેદાર/મિલકતદાર ધ્વારા શરૂ કર્યાનું ધ્યાને આવતા આજરોજ તા.૦૬/૦૮/૧૩ ના દિવસે ચોથા માળના આશરે ૨૬૦ ચો. ફૂટ નું આર.સી.સી. બાંધકામ દૂર કરવામાં આવેલ.

ટી.પી.–૧ (ઉધના–મજુરા) માં રામદેવનગર સોસાયટી તથા દાગીનાનગર–૧ સોસાયટીના મઢીની ખમણીની સામેના ભાગમાં આપના સોડા સેન્ટરની લાઈનમાં રસ્તાની જગ્યામાં વર્ષો જુની હયાત દુકાનો આવેલ. જે રસ્તામાં પૂર્ણ તથા અંશતઃ અસરગ્રસ્ત દુકાનોનું ડિમોલીશન કરવામાં આવેલ છે. તથા ટી.પી. રસ્તામાં ના દબાણ ને દૂર કરી કબ્જો હસ્તગત કરવામાં આવેલ છે. અને અંદાજે ૧૨૦૦ ચો.ફુટ વિસ્તારના ટી.પી. રસ્તાનો ૧૮.૦૦ મી.ની. રસ્તાની પુરી પહોળાઈમાં રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા મારફત તા.૦૭/૦૮/૨૦૧૩ ના બુધવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગતઃ–

(૧) ટી.પી. સ્કીમ નં.૩ (કતારગામ) ફા. પ્લોટ નં.૪૪૦/એ/, ૪૪૦/બી, પૈકી કુબેરનગર સોસાયટી વિ.–૧ સબ પ્લોટ નં.૭૧/એ, ૭૧/બી, કતારગામ રોડ, વાળી મિલ્કતમાં રેસીડેન્સીયલ ગાળા ટાઈપ મંજુર કરવામાં આવેલ પ્લાન વિરુધ્ધ બિલ્ડરશ્રી મહેન્દ્રભાઈ પટેલ ધ્વારા માર્જીન કવર્ડ કરી ૨(બે) ગાળા ભેગા કરી એપાર્ટમેન્ટ બનાવવાના ઈરાદે ગ્રા. ફલોર પર સ્લેબ ભરવાના ઈરાદે આશરે ૧૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું કરવામાં આવેલ સેન્ટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં.૩ (કતારગામ) ફા. પ્લોટ નં.૪૪૧, તથા ૪૪૨ પૈકી પારસ સોસાયટી કતારગામ રોડ, ખાતે સબ પ્લોટ નં. બી/પર વાળી મિલ્કતમાં રેસીડેન્સીયલ ગાળા ટાઈપ મંજુર કરવામાં આવેલ પ્લાન વિરુધ્ધ બિલ્ડરશ્રી સુધીરભાઈ પટેલ ધ્વારા હયાત ગ્રા. ફલોર + ચાર માળના એપાર્ટમેન્ટ ઉપર આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ ભરી પાંચમો માળ બનાવવાના ઈરાદે કરેલુ ગેરકાયદેસરનું બાંધકામ અત્રેથી દુર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં.૨૬ (સીંગણપોર), ફા. પ્લોટ નં.૪૫, માં આવેલ માધવપાર્ક સોસાયટીમાં કહેવાતા સબ પ્લોટ નં.૧૩, ૧૪ માં આશરે ૪૪' × ૩૩' માપ વિસ્તારમાં આર.સી.સી. ફુટીંગ લેવા માટે ડોબરા ખોદવાનું ગેરકાયદેસરનું કામ થયેલ. જે ડોબરામાં માટી પુરાણ કરી તમામ ડોબરા પુરી દેવામાં આવેલ છે. આ અગાઉ પણ અત્રેથી તા.૦૪/૦૭/૨૦૧૩ ના રોજ પણ ડોબરાનું માટી પુરાણ કરવામાં આવેલ હતું. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે આગામી સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજ પ્રદર્શનનું આયોજનઃ–

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે આગામી સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધ્વજનો ઉદ્‌ભવ અને ઈતિહાસ, ભારતનાં રાષ્ટ્ર ધ્વજની ક્રમાનુસાર વિકાસગાથા, ભારતનાં રાષ્ટ્રિય પ્રતિકનાં ફોટોગ્રાફસ, દેશ વિદેશનાં રાષ્ટ્ર ધ્વજ, નકશા અને દેશની વિવિધ વિગતો ઉપરાંત ૧૬ (સોળ) જેટલા જુદા જુદા દેશનાં મૂળ ધ્વજોની પ્રતિકૃતિ પ્રદર્શિત કરવામાં આવી છે.

સદર પ્રદર્શન જાહેર જનતા તા.૦૬/૦૮/૨૦૧૩ થી તા.૧૮/૦૮/૨૦૧૩ સુધી સવારે ૯ઃ૩૦ થી સાંજે ૪ઃ૩૦ દરમ્યાન વિના મૂલ્યે નિહાળી શકશે તેમજ તા.૧૨/૦૮/૨૦૧૩ સોમવારના રોજ અને તા.૧૫/૦૮/૨૦૧૩ ગુરૂવારના રોજ રાષ્ટ્રિય પર્વ નિમિત્તે સાયન્સ સેન્ટર સુરત બંધ રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ટી.પી.સ્કીમ નં.૭(આંજણા),ફા.પ્લોટ નં. ૯૯, સાંઈકૃપા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના સબ પ્લોટ નં. ૧૧ થી ૧૫ માં આશરે ૬૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ ત્રીજા માળનું એંગલ / ચેનલ વાળો શેડ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.તથા ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા),માં આવેલ ઠાકોર દ્વાર સોસાયટીના પ્લોટ નં. ૧૯(રહેણાંક) માં આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું શરૂ કરવામાં આવેલ બીજા માળનું ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

TOP